**ક્રિમીનલ કેસ નં. ૦૧/૨૦૧૪.**

**-: આંક-૧૫ અને આંક-૧૬ ની અરજી લગત સંયુકત હુકમ :-**

૧. આ કામે ફરિયાદી તરફે આંક-૧૫ થી વિજયકુમાર રતનલાલ સોની કે જે ફરિયાદીના પિતા થાય છે તેઓએ એકસીસ બેન્કમાં લોન લીધેલી હતી, ત્યારે લોન એગ્રીમેન્ટ અને વેચાણ દસ્તાવેજોમાં સહી કરેલી હતી તે દસ્તાવેજોને પ્રમાણિત કરવા કોર્ટમાં રજુ કરવા અરજી આપેલી છે. વધુમાં આંક-૧૬ થી તકરારી વિલને રજુ કરવા તથા કોર્ટ કસ્ટડીમાં લેવા માટે અરજી આપેલી છે.

૨. આ કામે ફરિયાદની હકિકત એવી છે કે, ફરિયાદી હાર્દિકભાઈ વિજયકુમાર સોનીના પિતા વિજયભાઈ રતનલાલ સોનીનું મરણ તા. ૨૫.૦૭.૨૦૧૨ ના રોજ થયેલુ હતુ. તેમની હયાતીના સમય દરમ્યાન આરોપી નં.૧ તેમના પિતા સાથે જ રહેતા હતા અને છેલ્લા દસ વર્ષથી તેઓ વેપારમાં સાથે કામ કરતા હતા. તેઓ હૃદય રોગના દર્દી હતા. તેઓ હયાત હતા ત્યારે આ કામના આરોપી નં.૧ શ્યામાબેન વિજયભાઈ સોની કે જેઓ મરણ જનારના પત્નિ થતાં હતા તથા આરોપી નં.૨ વિરલ વિજયકુમાર સોની મરણ જનારના નાના દિકરા સાથે તેમને અણબનાવ રહેતો હતો. તેમના મરણ બાદ આરોપી નં.૧ અને ૨ નાએ ફરિયાદી તથા તેમના પત્નિ અને બાળકોને ઘરમાંથી બહાર કાઢી મુકેલા અને ચુંટણીકાર્ડ, પાનકાર્ડ જેવા દસ્તાવેજો માંગવા છતાં આપેલા નથી. ફરિયાદના પેરા-૩ માં દર્શાવેલ મિલકતો તેમના પિતાશ્રીની હતી. આરોપી નં.૧ અને ૨ નાએ તેમના પિતાશ્રીનું તા. ૧૦.૦૩.૨૦૧૨ ના રોજનું બનાવટી વિલ ઉભુ કરેલુ છે અને તેમાં બનાવટી સહી તેમના પિતાશ્રીના નામની કરી, આરોપી નં.૩ અને ૪ નાએ શાક્ષી તરીકે સહી કરેલી છે. જે અંગે આરોપીઓએ પાટણ સિવીલકોર્ટમાં રે.દિ.મુ. નં.૧૭૨/૨૦૧૨ દાખલ કરી મનાઈહુકમની માંગણી કરેલી છે. આ ઉપરાંત સદર વિલમાં તથા અન્ય દસ્તાવેજોમાં તેમના પિતાની સહી અલગ પડતી હોવાનું જણાવેલુ છે. તથા તેમના ઈન્દોર મુકામે રહેતા બહેન મનિષાએ સદર દાવામાં વાંધો લીધેલાનુ જણાવેલ

છે અને વિલમાં ખોટી સહીઓ કરેલી હોઈ, તેમની વિરુધ્ધ કાર્યવાહી કરવા રજૂઆત કરેલી છે તથા આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૧૭, ૪૨૦, ૪૬૭, ૪૭૧ તથા ૧૨૦(બી), ૧૧૪, ૩૪ મુજબની ફરિયાદ દાખલ કરેલી છે.

સદર ફરિયાદ દાખલ કર્યા બાદ અદાલતે તા. ૦૭.૦૨.૨૦૧૩ ના રોજ વેરિફીકેશન લઈને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૨ અન્વયે પોલીસ ઈન્કવાયરીમાં મોકલવાનો હુકમ કરેલો હતો. ત્યારબાદ પોલીસે તા. ૩૦.૦૯.૨૦૧૩ ના રોજ સદર ઈન્કવાયરી કરી રીપોર્ટ રજુ કરેલો છે, જે ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે, આ કામે પાટણમાં રે.દિ.મુ.નં.૧૭૨/૨૦૧૨ ચાલુ છે અને તેમાં નિવેદનો જોતાં ફરિયાદ પક્ષ સહી ખોટી હોવાનું જણાવે છે જયારે આરોપી પક્ષ સદર સહીઓ ખરી હોવાનું જણાવેલુ છે તેમ તેઓએ જણાવેલુ છે. વધુમાં આ કામે અરજદારે વિલની સહીઓ ખોટી હોવા અંગે હેન્ડરાઈટીંગ એકસપર્ટનો અભિપ્રાય રજૂ કરેલ હોવાનું જણાવેલુ છે, પરંતુ વધુમાં અદાલત આ કામે રજૂ ૧ થી ૪ દસ્તાવેજો વંચાણે લેવા અને જરૂરી જણાય તો સરકારી હેન્ડરાઈટીંગ એકસપર્ટ ધ્વારા તપાસ કરાવી યોગ્ય ન્યાયનિર્ણય લેવા અંગે રીપોર્ટ રજુ કરેલો છે.

ત્યારબાદ અદાલતે તા. ૦૧.૦૧.૨૦૧૪ ના રોજ હુકમ કરી આરોપીઓ વિરુધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલો છે.

ત્યારબાદ તા. ૦૭.૦૭.૨૦૧૪ ના રોજ ફીરયાદ પક્ષ ધ્વારા આંક–૧૫ તથા આંક–૧૬ ની અરજી રજુ કરવામાં આવેલી છે.

આંક–૧૫ ની અરજીમાં ફરિયાદીએ એકસીસ બેન્કમાં મરણ જનાર વિજયકુમાર રતનલાલ સોનીએ લોન લીધેલ હોઈ, લોન એગ્રીમેન્ટ તથા વેચાણ દસ્તાવેજમાં હસ્તાક્ષરની સરખામણી માટે મૂળપ્રત બેન્કમાંથી મંગાવી, કોર્ટમાં રજુ કરે અને તેની પ્રમાણિત નકલ કરવા સારું દસ્તાવેજો રજુ કરવા દાદ માંગેલી છે.

આંક–૧૬ થી તકરારી/વિવાદીત વિલની મૂળપ્રત ફરિયાદના આખરી નિર્ણય સુધી કોર્ટના કબજામાં લેવા યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલી છે.

૩. આ કામે આરોપીઓ પક્ષે આંક–૧૫ ની અરજીનો જવાબ, તા. ૧૫.૦૯.૨૦૧૯ ના રોજ આંક–૨૨ થી આપેલો છે તથા તેઓએ અરજી ખર્ચ સહિત રદ કરવા દાદ માંગેલી છે. વધુમાં તેજ દિવસે આંક–૨૩ થી આંક–૧૬ ની અરજીનો જવાબ રજૂ કરી, સદર અરજી પણ ખર્ચ સહિત રદ કરવા દાદ માંગેલી છે.

આંક–૨૨ નો જવાબ વંચાણે લેતાં અરજીના જવાબમાં જણાવેલુ છે કે, આ કામે અરજીની હકિકત ધ્યાને લેતાં એ ફલીત થાય છે કે, મિલકતનો વેચાણ દસ્તાવેજ એકસીસ બેન્કમાં રજૂ કરીને મિલકત ઉપર લોન લેવામાં આવેલી છે. જે દસ્તાવેજની નકલ માર્ક ૩/૫ થી આ કામે રજૂ કરેલી છે. આ કામના ફરિયાદીએ કઈ કેપેસિટીમાં અને કયા સંજોગોમાં સદર દસ્તાવેજો મેળવ્યા તે નકકી કરવુ જરૂરી અને આવશ્યક બને છે. જયાં સુધી હોમલોનની પુરેપુરી રકમ ભરપાઈ થાય નહિ ત્યાં સુધી અસલ વેચાણ દસ્તાવેજ બેન્ક પરત કરી શકે નહિ તેમ જણાવી અરજી રદ કરવા રજૂઆત કરેલી છે.

આંક–૨૩ થી આંક–૧૬ ની અરજીનો જવાબ વંચાણે લેતાં તેમાં જણાવેલુ છે કે, માર્ક ૩/૧ થી રજૂ દસ્તાવેજ '' વિલ '' આરોપીઓએ પોલીસ તપાસ દમ્યાન રજૂ કરેલ, તે મેળવી રજૂ કરેલો છે. ફરિયાદીના આરોપીના પુરાવા ઉપર આધાર રાખી શકે નહિં. આ કામે આરોપી નં.૧ નાએ પ્રિન્સી. સિનીયર સિવીલ કોર્ટમાં દિવાની અરજી નં.૪૩/૨૦૧૩ થી અરજ ગુજારી વિલ આધારે પ્રોબેટ/લેટર ઓફ એડમિનીસ્ટ્રેશન મેળવવા અરજી રજૂ કરેલી છે. અરજદાર તે કામે વિલ રજૂ કરવાના છે, પરંતુ સદર દિવાની પરચૂરણ અરજી ચાલે નહિ તે ઈરાદે હાલની અરજી આપેલી છે. વધુમાં આરોપી નં.૧ નાએ રે.દિ.મુ.નં.૧૭૨/૨૦૧૨ પાટણના બીજા એડી. સિવીલ

જજ સાહેબની કોર્ટમાં દાખલ કરેલો છે, જે સામે હાલના ફરિયાદીએ કાઉન્ટર કલેઈમ રજૂ કરેલાનું જણાવેલું છે અને આથી દિવાની પરચૂરણ અરજી નં.૪૩/૨૦૧૩ તથા રે.દિ.મુ.નં.૧૭૨/૨૦૧૨ ચાલે નહિં, તેથી હાલની અરજીઓ આપેલાનું જણાવેલું છે અને દિવાની તકરાર ચાલું હોવાનું જણાવેલું છે. આ કામે વધુમાં આરોપીઓએ પોતાના જવાબમાં જણાવેલું છે કે, તેઓ અસલ વિલ પુરાવાના સમયે દિવાની પરચૂરણ અરજી નં.૪૩/૨૦૧૩ ના કામે રજૂ કરવાના હોવાથી આ કામે રજૂ કરવા માંગતા નથી. હાલની અરજી સદર દિવાની કાર્યવાહીઓ ખોરંભે પાડવાના ઈરાદે આપેલાનુ અને ગેરકાયદેસર, અવ્યવહારું અને અન્યાયી હોવાથી અરજીઓ રદ કરવા વિનંતી કરેલી છે.

૪. આ કામે આંક–૧૫ ની અરજી ધ્યાને લેતાં ફરિયાદીના મર્હુમ પિતા વિજયકુમાર રતનલાલ સોનીએ તેમની હયાતીમાં એકસીસ બેન્ક, પાટણ શાખામાંથી લોન લીધેલી હોઈ, તેના વેચાણ દસ્તાવેજની મૂળપ્રત બેન્કના કબજામાં હોવાથી તથા લોન એગ્રીમેન્ટમાં મર્હુમે કરેલ દસ્તખતની સરખામણી સારું વેચાણ દસ્તાવેજની મૂળપ્રત બેન્કમાંથી મંગાવી કોર્ટમાં રજૂ કરે અને નકલને પ્રમાણિત કરવા રજૂ કરાવવા દાદ માંગેલી છે. આ કામે આરોપી પક્ષે આંક–૧૫ ની અરજીનો જવાબ આંક–૨૨ થી રજૂ કરેલો છે, જેમાં વાંધો લીધેલ છે કે, માર્ક ૩/૫ થી રજૂ કરેલ દસ્તાવેજ (લોન એગ્રીમેન્ટ ના કાગળો) એકસીસ બેન્કની ખરીનકલ નથી તથા અસલ વેચાણ દસ્તાવેજ બેન્ક હાલમાં પરત કરી શકે નહિ, અને આથી અરજી રદ કરવા જણાવેલુ છે. આ કામે આરોપી પક્ષે પોતાના જવાબમાં જણાવેલું છે કે, આ કામે બેન્ક અસલ વેચાણ દસ્તાવેજ પરત કરી શકે નહીં, પરંતુ આ કામે અરજી વંચાણે લેતાં, કોર્ટ તરફથી સદર વેચાણ દસ્તાવેજને તથા લોન એગ્રીમેન્ટને પ્રમાણિત કરાવવા માટે દાદ માંગેલી છે. આ કામે અદાલતનું માનવું છે કે, કોઈપણ કેસમાં રજૂ દસ્તાવેજો રિલીવન્ટ/સંલગ્ન તથા

એડમીશીયેબલ/દાખલ કરી શકાય તેવા હોવા જોઈએ. કાયદેસર રીતે મર્હુમની સહી વેરીફાય કરવા તેમની સહીવાળા અન્ય દસ્તાવેજો એ રિલીવન્ટ/સંલગ્ન દસ્તાવેજો છે. સદર દસ્તાવેજોની અસલ/પ્રાયમરી ડોકયુમેન્ટ (પ્રાયમરી એવીડન્સ) રજૂ કરવા જોઈએ તથા જો તેમ ન કરે તો એવીડન્સ એકટની કલમ–૬૩ તથા કલમ–૬૫ ને ધ્યાને રાખીને સેકન્ડરી કોપી રજૂ કરી શકે. આ કામે ફરિયાદીએ તા. ૦૬.૦૪.૨૦૨૧ ના રોજ માર્ક ૮૭/૧ થી સિવીલકોર્ટમાં પેન્ડીંગ રે.દિ.મુ.નં.૯૪/૨૦૧૫ ના કામે રજૂ વિલની કોર્ટ ધ્વારા સર્ટિફાઈડ નકલ રજૂ કરવામાં આવેલી છે. તથા માર્ક ૮૭/૨ થી વેચાણ દસ્તાવેજની સબ રજીસ્ટ્રાર, પાટણના કચેરીની સર્ટિફાઈડ નકલ રજૂ કરવામાં આવેલી છે. આ કામે એવીડન્સ એકટની કલમ–૬૩(૧) ધ્યાને લેતાં સર્ટિફાઈડ નકલને સેકન્ડરી એવીડન્સ તરીકે ગણવામાં આવે છે. કલમ–૬૫(ઈ) તથા (એફ) ધ્યાને લેતાં એવીડન્સ એકટની કલમ–૭૪ અન્વયેના પબ્લિક ડોકયૂમેન્ટ તથા જે દસ્તાવેજોની સર્ટિફાઈડ નકલ કાયદા મુજબ ગ્રાહય રાખી શકાય તેવા હોય તેવા કિસ્સામાં સેકન્ડરી એવીડન્સ રજૂ કરી શકાય. વધુમાં કલમ–૬૫(ઈ) તથા (એફ) ના કિસ્સામાં માત્ર સર્ટિફાઈડ નકલ જ રજૂ કરી શકાય છે. આ કેસમાં વેચાણ દસ્તાવેજ તથા લોન એગ્રીમેન્ટ એ પબ્લિક ડોકયૂમેન્ટ હોવાથી તેની અસલ રજૂ ન થાય તેવા કિસ્સામાં સેકન્ડરી એવીડન્સ તરીકે માત્ર સર્ટિફાઈડ નકલ ગ્રાહય રાખવા પાત્ર છે. આ કામે એવીડન્સ એકટની કલમ–૭૪(૨) અન્વયે સદર વેચાણ દસ્તાવેજ અને લોન એગ્રીમેન્ટ પબ્લિક ડોકયૂમેન્ટ ગણવામાં આવે છે. કલમ–૭૬ ધ્યાને લેતાં સર્ટિફાઈડ નકલ કોને ગણી શકાય તે જણાવેલું છે, જે મુજબ આ કામે માર્ક ૮૭/૨ થી રજૂ વેચાણ દસ્તાવેજની નકલને સિલ તથા જરૂરી શેરા મારીને તથા સિકકા મારીને સર્ટિફાઈડ કરવામાં આવેલ છે તથા કલમ–૭૭ મુજબ તેવા સર્ટિફાઈડ દસ્તાવેજને જ પુરાવામાં સાબિત ગણવા ધ્યાને લઈ શકાય. આમ, કોઈપણ દસ્તાવેજ એડમીશીબલ હોય તો જ તેને ગ્રાહય રાખી

શકાય. આ કામે વેચાણ દસ્તાવેજની નકલ કોર્ટ કમ્પેર માટે રજૂ કરવા જણાવેલું છે. પરંતુ સદર માર્ક ૩/૭ થી રજૂ વેચાણ દસ્તાવેજ ફોટોકોપી(ઝેરોક્ષ નકલ) હોવાથી પુરાવા માટે ગ્રાહય રાખવા પાત્ર નથી. જે સંજોગોમાં બેન્ક દ્વારા વેચાણ દસ્તાવેજ રજૂ થાય અને કોર્ટ તે દસ્તાવેજને કમ્પેર કરે તો પણ તે સેકન્ડરી દસ્તાવેજ ગણી શકાય નહિ અને તે પુરાવામાં એડમીશીબલ અને ગ્રાહય રાખવા પાત્ર બનતો નથી. આથી તે મુજબની માંગેલ દાદ મંજુર કરી શકાય નહીં, પરંતુ આ કામે માર્ક ૮૭/૨ થી વેચાણ દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ રજૂ થયેલ હોઈ, વધુ ઈન્સાફી કાર્યવાહી માટે તે ભવિષ્યમાં ધ્યાને લઈ શકાય તેમ છે.

વધુમાં આ કામે લોન એગ્રીમેન્ટના દસ્તાવેજો કે જે માર્ક ૩/૫ થી રજૂ થયેલા છે અને જે ફોટો કોપી(ઝેરોક્ષ નકલ) છે અને સદર દસ્તાવેજો પબ્લિક ડોકયૂમેન્ટ હોવાથી ઝેરોક્ષ નકલ પણ એડીમીશીબલ/દાખલ થવા પાત્ર નથી. એવીડન્સ એકટ પ્રમાણે માત્ર સર્ટીફાઈડ નકલ રજૂ કરવી જોઈએ. આ કામે આરોપી પક્ષે પોતાના આંક–૨૨ ના જવાબમાં પણ તે મુજબનો જ વાંધો લીધેલો છે. અદાલતનું માનવુ છે કે, એવીડન્સ એકટ ધ્યાને લેતાં લોન એગ્રીમેન્ટ એ બેન્કનો દસ્તાવેજ છે અને સદર એકટની કલમ–૬૫(એફ) ને બેન્કર્સ બુક એવીડન્સ એકટની કલમ–૪ સાથે વાંચતા બેન્કના કોઈપણ રેકર્ડની (બેન્કર્સ બુકસ) સર્ટીફાઈડ નકલ સાબિતી અર્થે રજૂ કરી શકાય છે અને આમ, બેન્કના રેકર્ડની સર્ટીફાઈડ નકલ એ પુરાવામાં એડમીશીબલ ગણાય છે. વધુમાં બેન્કર્સ બુકસ ઓફ એવીડન્સ એકટની કલમ–૫ વંચાણે લેતાં જે કેસમાં બેન્ક પક્ષકાર તરીકે ન હોય તેવા કિસ્સામાં બેન્કર્સ બુકસ રજૂ કરવા કોઈ વિશિષ્ટ કારણો સિવાય હુકમ કરી શકે નહિ. આમ, એવીડન્સ એકટની કલમ–૬૫(એફ) ને ધ્યાને લેતાં સેકન્ડરી એવીડન્સ તરીકે માત્ર બેન્કર્સ બુકસની સર્ટીફાઈડ નકલ રજૂ કરી શકાય. તે સિવાય અન્ય નકલ પુરાવાના મૂલ્યાંકન માટે કે પુરાવા લગત અન્ય કોઈ કાર્યવાહી માટે ધ્યાને

લઈ શકાય નહિ. અને આથી અરજદારની માંગણી કે આ કામે રજૂ લોન એગ્રીમેન્ટની ફોટો કોપી (ઝેરોક્ષ નકલ) કે જે માર્ક ૩/૫ થી રજૂ કરવામાં આવેલી છે. તેને કોર્ટ રૂબરૂ વેરિફાય કરવા હુકમ કરી શકાય નહિ. કારણ કે, તેવી વેરિફાય કોપી પુરાવાના કોઈપણ મૂલ્યાંકન કે કોઈપણ કાર્યવાહી માટે ધ્યાને લઈ શકાય નહિ અને માત્ર સર્ટિફાઈડ નકલ જ કાયદેસર રીતે એડીમીશીબલ છે. વધુમાં બેન્કર્સ બુકસ એવીડન્સ એકટની કલમ–૫ ને ધ્યાને લેતાં પણ કોઈ વિશિષ્ટ સંજોગો સિવાય જે કેસમાં બેન્ક પક્ષકાર ન હોય તેવા કિસ્સામાં બેન્કના દસ્તાવેજો (બેન્કર્સ બુકસ) એટલે કે લોનના પેપરો રજૂ કરવા કે વેરિફાય કરવા હુકમ કરી શકાય નહિ. આથી અરજદારની અરજીમાં કરેલી માંગણી કે આ કામે બેન્ક લોનના પેપરો લઈને આવે અને અદાલત તેને વેરિફાય કરે તે દાદ ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ કામે બેન્કર્સ બુકસ ઓફ એવીડન્સ એકટની સંલગ્ન કલમો નીચે મુજબ છે.

**The Bankers Books Evidence Act, 1891**

**Sec.2(3) bankers books** include ledgers, day-books, cash-books, account-books **and all other records used in the ordinary business of a bank,** whether these records are kept in written form or stored in a micro film, magnetic tape or in any other form of mechanical or electronic data retrieval mechanism, either onsite or at any offsite location including a back-up or disaster recovery site of both;

**Sec.2(8) certified copy means when the books of a bank,**

(a) are maintained in written form, a copy of any entry in such books together with a certificate written at the foot of such copy that it is a true copy of such entry, that such entry is contained in one of the ordinary books of the bank and was made in the usual and ordinary course of business and that such book is still in the custody of the bank, and where the copy was obtained by a mechanical or other process which in itself ensured the accuracy of the copy, a further certificate to that effect, but where the book from which such copy

was prepared has been destroyed in the usual course of the banks business after the date on which the copy had been so prepared, a further certificate to that effect, each such certificate being dated and subscribed by the principal accountant or manager of the bank with his name and official title; and

(b) & (c) * * * * *

**Sec.4. Mode of proof of entries in bankers books** .Subject to the provisions of this Act, a certified copy of any entry in a bankers book shall in all legal proceedings be received as *prima facie* evidence of the existence of such entry, and shall be admitted as evidence of the matters, transactions and accounts therein recorded in every case where, and to the same extent as, the original entry itself is now by law admissible, but not further or otherwise.

**Sec.5. Case in which officer of bank not compellable to produce books**. No officer of a bank shall in any legal proceeding to which the bank is not a party be compellable to produce any bankers book the contents of which can be proved under this Act, or to appear as a witness to prove the matters, transactions and accounts therein recorded, unless by order of the Court or a Judge made for special cause.

આમ, ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં અરજદારની આંક–૧૫ ની અરજી કે આ કામે માર્ક ૩/૭ થી રજૂ વેચાણ દસ્તાવેજની ફોટો કોપી(ઝેરોક્ષ નકલ) તથા માર્ક ૩/૫ થી રજૂ એકસીસ બેન્ક સાથે લોન બાબતે મર્હુમ વિજયભાઈ રતનલાલ સોનીએ કરેલ એગ્રીમેન્ટની ફોટો કોપી (ઝેરોક્ષ નકલ) ને વેરિફાય કરવા તથા દસ્તાવેજોની સરખામણી સારું બેન્કમાંથી મંગાવવાની અરજી ગ્રાહય રાખી શકાય નહિ અને કાયદેસર રીતે ગ્રાહય રાખવા પાત્ર ન હોઈ, અરજી નામંજુર કરવી જોઈએ, તેમ અદાલતનું માનવું છે.

૫. આ કામે આંક–૧૬ ની અરજી ધ્યાને લેતાં અરજદાર/ફરિયાદીએ મર્હુમ વિજયભાઈ રતનલાલ સોનીનું વિલ કે જે આરોપીઓના કબજામાં હતું, તે અદાલતના

કબજામાં લેવા હુકમ કરવા દાદ માંગેલી છે. સદર અરજીની હકિકતો ધ્યાને લેતાં તેમાં જણાવેલુ છે કે, વિલની મૂળપ્રત આરોપીઓના કબજામાં છે અને તેઓ સદર બનાવટી વિલનો દુરપયોગ કરી મર્હુમની સ્થાવર તથા જંગમ મિલકતમાં ફરિયાદીના વારસાઈ હકકો નિષ્ઠ કરવાની પેરવી કરી રહેલા છે અને ફરિયાદીના મિલકત પરત્વેના હકકોમાંથી દુર કરી વિલની મૂળપ્રત નષ્ટ કરી નાંખવા પ્રયત્નશીલ બનેલા છે અને આથી સદર વિલને કબજામાં લેવા માટે અરજી આપેલી છે. સદર અરજીનો જવાબ આંક–૨૩ થી આરોપીઓએ આપેલો છે, જેમાં જણાવેલું છે કે, આરોપીઓએ નામદાર સિવીલકોર્ટમાં પ્રોબેટ મેળવવા દિવાની પરચુરણ અરજી ન.૪૩/૨૦૧૩ દાખલ કરેલી છે અને તે કામે તેઓએ અસલ વિલ રજૂ કરવાનુ થતું હોઈ, તે અરજીની કાર્યવાહી ખોરંભે પાડી, આરોપીઓ તેમનો હકક મેળવી શકે નહિ તે માટે બદઈરાદાથી હાલની અરજી આપવામાં આવેલી છે. વધુમાં જણાવેલુ છે કે, આ કામના આરોપીઓએ રે.દિ.મુ. નં.૧૭૨/૨૦૧૨ દાખલ કરેલો છે અને તેની સામે ફરિયાદીએ કાઉન્ટર કલેઈમ પણ દાખલ કરેલો છે. અને આથી અરજદારની અરજી ખોટી, ગેરકાયદેસરની, અવ્યવહારુ અને અન્યાયી હોવાથી ખર્ચસહિત રદ કરવા દાદ માંગેલી છે.

આ કામે અદાલતનું માનવું છે કે, આ કામે અસલ વિલ અદાલતના કબજામાં લેવા અરજી કરવામાં આવેલી છે. આ કામે જવાબ ધ્યાને લેતાં આરોપીઓએ પ્રોબેટ મેળવવા દિવાની પરચુરણ અરજી નં. ૪૩/૨૦૧૨ દાખલ કરેલી છે અને અદાલતે કોમ્પ્યુટર સી.આઈ.એસ. પ્રોગ્રામ ધ્યાને લેતાં વાંધો પડેલ હોવાથી દિવાની પરચુરણ અરજ નં.૪૩/૨૦૧૨ ફેંસલ કરવામાં આવેલી છે અને તેને રે.દિ.મુ.નં.૯૪/૨૦૧૫ થી રજીસ્ટ્રરે લેવામાં આવેલ છે અને તે સીવીલ દાવા તરીકે હાલમાં પેન્ડીંગ છે. આ કામે માર્ક ૮૭/૧ થી સદર વિલની કોર્ટની સર્ટિફાઈડ નકલ રજૂ થયેલી છે અને આથી તેને ધ્યાને લેતાં અસલ વિલ રે.દિ.મુ.નં.૯૪/૨૦૧૫ માં રજૂ થઈ ગયેલું છે. આ કામે તમામ દાવા

તથા કોર્ટ કાર્યવાહીમાં વિલની ઝેરોક્ષ નકલ રજૂ થઈ ગયેલી હતી, અને આથી વિલમાં ફેરફાર થવાની કોઈ શકયતા નહતી. વધુમાં આ કામે અસલ વિલ નામદાર સિવીલકોર્ટમાં રજૂ થઈ ગયેલું હોવાથી, સદર વિલ નષ્ટ કરી દેવામાં આવશે તેવી કોઈ શકયતા જણાતી નથી અને અરજદારની તેવી દહેશત હવે અસ્થાને છે. અને આથી આંક–૧૬ ની અરજી પણ નામંજુર કરવી જોઈએ તેવું અદાલતનું માનવુ છે.

૬. આમ, ઉપરોકત પેરા–૪ અને પેરા–૫ ને ઘ્યાને લેતાં આંક–૧૫ અને આંક–૧૬ ની અરજી કાયદેસર રીતે ગ્રાહયર ાખવા પાત્ર ન હોઈ, નામંજુર કરવી જોઈએ તેમ અદાલતનું માનવું છે અને આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

અરજદારની આંક–૧૫ અને આંક–૧૬ ની અરજીઓ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૫મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫.૦૨.૨૦૨૨.
પાટણ.

(તેજસ જીતેન્દ્રભાઈ પટેલ )
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, પાટણ.
(UI Code: GJ00959)

NRP/-